# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-01-2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1) **મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ફ્લાવર શોનો પ્રારંભ કરાવશે.**

2) જામનગરના મરીન નેશનલ પાર્ક ખાતે આજથી કીચડીયા સહિત દરિયા કાંઠાના પક્ષીઓની ગણતરીનો પ્રારંભ થશે

3) **રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી દ્વારા આજથી ૧૬ જાન્યુઆરી સુધી યુ.જી.સી.-નેટ પરીક્ષા યોજાશે.**

4) **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે રાજકોટથી ખેલ મહાકુંભ 3.0નો પ્રારંભ કરાવશે. આ રમતોત્સવમાં 71 લાખ 30 હજારથી વધુ રમતવીરો ભાગ લેશે.**

5) **ગુજરાત અંડર-19 ક્રિકેટ ટીમ, કૂચ બિહાર ટ્રોફીની ફાઇનલમાં પ્રવેશી – સાત જાન્યુઆરીએ અમદાવાદ ખાતે યોજાનાર ફાઈનલમાં તમિલનાડુ સાથે ટકરાશે**

---------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# Ahmedabaad –Flower show

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આજથી ફ્લાવર શોનો પ્રારંભ થશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ફ્લાવર શોનું ઉદઘાટન કરશે. અમદાવાદનાં મેયર પ્રતિભા જૈને જણાવ્યું હતું કે, આ વર્ષે ફ્લાવર શોમાં વિવિધ છ ઝોન રાખવામાં આવ્યાં છે.

ફ્લાવર શોમાં 7 લાખથી વધુ રોપા સાથેની 400 ફૂટની ક્રેનિયલ વોલ બનાવવામાં આવશે, 15 લાખથી વધુ રોપા પ્રદર્શિત કરવામાં આવશે. જેમાં 30થી વધુ વિદેશી ફૂલોનો સમાવેશ થાય છે.

12 વર્ષથી ઉપરની પ્રત્યેક વ્યક્તિ માટે સોમવારથી શુક્રવાર 70 રૂપિયા અને શનિ-રવિ દરમિયાન 100 રૂપિયા ફી રહેશે.

આ વર્ષે ભીડથી બચવા માંગતા મુલાકાતીઓ માટે VIP એન્ટ્રી રાખવામાં આવી છે. સવારે 9થી 10 અને રાત્રે 10 થી 11 ના સમય દરમ્યાન પ્રવેશ ફી રૂપિયા 500 રહેશે. ફ્લાવર શો ત્રણથી થી 22 જાન્યુઆરી સુધી એમ 20 દિવસ સુધી યોજાશે ત્યારબાદ નાગરિકોની માંગને ધ્યાનમાં રાખીને ફ્લાવર શોને લંબાવવામાં આવશે.

# jamnagar pakshi gantri

**જામનગરના મરીન નેશનલ પાર્ક ખાતે આજથી દરિયાકાંઠાના કીચડીયા પક્ષી ગણતરીનો પ્રારંભ થશે. દેશમાં પ્રથમવાર યોજાનાર આ કાર્યક્રમમાં કીચડીયા પક્ષીઓ તેમજ દરિયાકાંઠાના વિવિધ પક્ષીઓની ગણતરી કરવામાં આવશે. આ સાથે વિવિધ તજજ્ઞો દ્વારા વકતવ્યો અને નોલેજ શેરીંગ કાર્યક્રમો પણ યોજાશે. આ વિશે વધુ માહિતી આપે છે અમારા પ્રતિનિધિ જગત રાવલ..**

**(વોઇસકાસ્ટ- જગત રાવલ, પ્રતિનિધી, જામનગર)**

# Harsh Sanghvi

વાહન વ્યવહાર વિભાગ મંત્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે આવતીકાલે રાજકોટ ખાતે. ૯૮૦.૩૭ લાખ રૂપિયાના ખર્ચે  એસ.ટી નિગમના વિવિધ કામોના ઈ-લોકાર્પણ કરાશે

આ કામોમાં અંદાજીત ૬૩૭.૩૭ લાખના ખર્ચે આકાર પામેલ એસ.ટી. વિભાગીય કચેરી ,ગોંડલ એસ.ટી. ડેપો વર્કશોપનો સમાવેશ થાય છે. આ ઉપરાંત તેઓ અદ્યતન ટેકનોલોજીથી સજ્જ નવીન ૮ હાઈટેક વોલ્વો બસોનું લોકાર્પણ કરાશે. આધુનિક ટેકનોલોજી અને સુવિધાઓથી સજ્જ વોલ્વો બસો નાગરિકોની મુસાફરીને વધુ આરામદાયક બનાવશે તેમજ તેઓની જનસુખાકારીમાં વધારો થવા પામશે.

# Kunvarji bavaliya- Saburi dam

જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાએ ગઇકાલે સુરેન્દ્રનગર જિલ્લાના  ઉમરડા ગામ ખાતે આવેલા સબૂરી ડેમની મુલાકાત લીધી હતી.આ તકે મંત્રીશ્રીએ ગ્રામજનોનાં સબૂરી ડેમની ઊંચાઈ અને ઊંડાઈ વધારવા તેમજ સૌની યોજનાથી ડેમ ભરવા સહિતનાં પ્રશ્નો સાંભળી શક્ય તમામ પ્રયત્નો કરવામાં આવશે તેવું આશ્વાસન આપ્યું હતું. તેમણે અધિકારીઓને જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપ્યું હતું.

# Vav Tharad District-gulab sinh rajput

રાજ્ય સરકારે બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરી નવો જિલ્લો વાવ થરાદ જાહેર કર્યો છે, જેનું વડું મથક થરાદ બનશે.નવા જિલ્લાની રચનાથી થરાદ વાવ વિસ્તારનાં લોકોમાં ખુશી જોવા મળી રહી છે.આ અંગે વાવના ધારાસભ્ય સ્વરૂપજી ઠાકોરે આ નિર્ણયને વધાવીને પોતાનો પ્રતિભાવ આ મુજબ આપ્યોઃ

**(બાઈટ – બનાસકાંઠા સ્વરૂપજી ઠાકોર)**

# New Gram Panchyat - Patan

પાટણ જિલ્લામાં નવા વર્ષે વધુ એક ગ્રામ પંચાયત અસ્તિત્વમાં આવી છે. જિલ્લાના સાંતલપુર તાલુકાની પર જુથ ગ્રામ પંચાયતનું વિભાજન કરી પર અને રાજુસરા ગામની સ્વતંત્ર પંચાયતની રચના કરવામાં આવી છે.

અમારા પ્રતિનિધિ જણાવે છે કે સાંતલપુર તાલુકાની પર ગ્રામ પંચાયતનું વિભાજન કરવામાં આવેલ છે. અને નવી પર અને રાજુસરા ગ્રામ પંચાયત અસ્તિત્વમાં આવેલ છે.

રાજયના પંચાયતના ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા નોટીફીકેશન બહાર પાડી પર અને રાજુસરા એમ બે નવિન ગ્રામ પંચાયતની રચના કરવામાં આવેલ છે.

# Ugc net exam

રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી દ્વારા આજથી ૧૬ જાન્યુઆરી સુધી યુ.જી.સી.-નેટ પરીક્ષા યોજાશે.રાજ્યમાં અમદાવાદ,સુરત,વડોદરા અને રાજકોટમાં વિવિધ કેન્દ્રો પર આ પરીક્ષા યોજાશે. યુજીસીની વેબસાઇટ પર જાહેર કરાયેલી સુચના અનુસાર 85 વિષયો માટે આ પરીક્ષા કોમ્પુટર આધારિત ટેસ્ટ -કઈબીટી મોડમાં લેવાશે.આ પરીક્ષા દરરોજ બે શિફ્ટમાં લેવાશે. આજે પહેલા દિવસે અર્થશાસ્ત્રનું પેપર લેવાશે. રાજકોટ જિલ્લામાં આ પરીક્ષા શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, તે માટે અધિક જિલ્લા કલેક્ટર દ્વારા પ્રતિબંધાત્મક આદેશો જાહેર કરવામાં આવ્યા છે.

# CM KHEL MAHAKUMBH 3.0

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે રાજકોટથી ખેલ મહાકુંભ 3.0નો પ્રારંભ કરાવશે.

ઉલ્લેખનીય છે કે, આ રમતોત્સવ માટે 71 લાખ 30 હજાર834 રમતવીરોનું રેકોર્ડ બ્રેક રજીસ્ટ્રેશન થયું છે. આવતીકાલે સાંજે યોજાનાર શુભારંભ સમારોહમાં મંત્રીશ્રી કુંવરજી બાવળિયા, ભાનુબેન બાબરિયા તથા હર્ષ સંઘવી ઉપસ્થિત રહેશે. આ સમારોહમાં વિવિધ સાંસ્કૃતિક પ્રસ્તતિઓ રજુ કરાશે તથા ખેલ મહાકુંભ 2.0માં વિજેતા બનેલી શ્રેષ્ઠ ત્રણ શાળા, મહાનગરપાલિકા તથા જીલ્લાઓનું સન્માન કરાશે.

# Election Officer – BJP

ભારતીય જનતા પાર્ટીએ પ્રદેશ પ્રમુખો અને પાર્ટીની રાષ્ટ્રીય પરિષદના સભ્યોની પસંદગી માટે અધિકારીઓની નિમણૂક કરી છે. આ યાદીમાં કેન્દ્રીય મંત્રીઓ અને પાર્ટીના વરિષ્ઠ નેતાઓના નામ સામેલ છે.

ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખની ચુંટણી માટે ભૂપેન્દ્ર યાદવની ચુંટણી અધિકારી તરીકે નિયુક્તિ કરાઈ છે

# Patan – Shradhanjali

પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહને પાટણ જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે પ્રાર્થના સભા યોજી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ગેમરભાઇ દેસાઈ સહિત જિલ્લા અને તાલુકા, શહેરના કોંગ્રેસના આગેવાનો, કાર્યકરો દ્વારા બે મિનિટ મૌન પાળી પુષ્પાંજલિ આપી તેમના દસ વર્ષના પ્રધાનમંત્રી તરીકેના સફળ કાર્યકાળના સંસ્મરણો તાજા કરવામાં આવ્યા.

આ ઉપરાંત તેમના આર્થિક ઉદારીકરણ સહિતના રાષ્ટ્રના વિકાસના મહત્વના પ્રોજેક્ટ અને યોજનાઓને યાદ કરી સૌએ તેમના સરળ વ્યક્તિત્વ સહિતના જીવનના વિવિધ પાસા અને કાર્યશૈલીના સંભારણા તાજા કર્યા હતા અને સૌએ તેમને નમન વંદન કર્યા હતા.

# Cricket

ગુજરાત અંડર-19 ક્રિકેટ ટીમ, કૂચ બિહાર ટ્રોફીની ફાઇનલમાં પ્રવેશી છે. ઉત્તરપ્રદેશ સામે રમાયેલી સેમીફાઇનલમાં ઉત્તરપ્રદેશે પ્રથમ ઇનીંગમાં 337 તો ગુજરાતે 509 રન કર્યા હતા. ઉત્તરપ્રદેશે બીજી ઇનીંગમાં 258 રન કરતા મેચ ડ્રો થઇ હતી. ગુજરાતે પ્રથમ ઇનિંગની સરસાઇને સહારે ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો છે. આગામી સાતમી જાન્યુઆરીએ રમાનારી ફાઇનલમાં ગુજરાતનો મુકાબલો તમિલનાડુ સામે થશે.

# WEATHER

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આગામી પાંચ દિવસ રાજ્યમાં શુષ્ક વાતાવરણ રહેશે અને  આગામી ત્રણ દિવસ તાપમાનમાં મોટા ફેરફારની શક્યતાઓ નહિવત છે. ત્યારબાદ સૌરાષ્ટ્ર કચ્છના ભાગોમાં ઠંડીનું પ્રમાણ વધુ રહેશે તથા ઉત્તર ગુજરાત અને પૂર્વ ગુજરાતના જિલ્લાઓમાં પણ ઠંડીનું પ્રમાણ વધુ રહેશે

છેલ્લા 24 કલાક દરમિયાન ચાર મહાનગરોમાં પણ ઠંડીનું પ્રમાણ ઓછું રહ્યું હતું. આ અંગે હવામાન વિભાગના ડાયરેક્ટર એ કે દાસે વધુ માહિતી આપીઃ

**(બાઈટ એ.કે.દાસ)**

# Mukesh Patel Adi Jati Vikas Mandal meeting

વન અને પર્યાવરણ મંત્રી અને વલસાડ જિલ્લા પ્રભારી મંત્રી મુકેશભાઈ પટેલની અધ્યક્ષતામાં જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક યોજાઈ હતી. બેઠકમાં શ્રી પટેલે વર્ષ ૨૦૨૩-૨૪માં ન્યુ ગુજરાત પેટર્ન અંતર્ગત મંજુર થયેલા કામોની સમીક્ષા કરી હતી. બેઠકમાં વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ન્યુ ગુજરાત પેટર્નની જોગવાઈ હેઠળ રસ્તા, શિક્ષણ, પાણી પુરવઠો સહિતનાં વિકાસના કામો અને પ્રવાસન ક્ષેત્રના કામોની રજૂઆતો કરવામાં આવી હતી.